સંક્ષિપ્ત સમાચાર

નિઝરના દેવાળામાં દીપડાને પકડવા વન વિભાગે પાંજરું ગોઠવ્યું

કુકરમુંડા: નિઝરના દેવાળા ગામની સીમમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની હિલચાલ જોવા મળતાં ગ્રામજનોમાં ભય ફેલાયો છે. જેથી વન વિભાગની ટીમે સ્થાનિક રેસ્ક્યુઅર વિશાલ પાડવીની મદદથી કપાસના ખેતરમાં પાંજરું ગોઠવ્યું છે. દીપડો સુરક્ષિત રીતે ઝડપાઈ જાય તે માટે વન વિભાગ દ્વારા વિસ્તાર પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

તરસાડીની શાલીમાર સોસાયટીમાં પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ

ઈબ્રાહીમ કાનુ

હથોડા: તરસાડી નગરપાલિકા વિસ્તારમાં આવેલ શાલીમાર સોસાયટી ખાતે છેલ્લા કેટલાક દિવસોથી પીવાનું પાણી અત્યંત ગંદું અને ડહોળું આવતાં સ્થાનિક લોકોએ રોષ પ્રગટ કરી તરસાડી નગરપાલિકાના ચીફ ઓફિસરને રજૂઆત કરી હતી. ગંદું અને ડહોળું પીવાનું પાણી આવતાં ગંભીર પ્રકારનો રોગચાળો ફેલાય અને લોકો રોગમાં સપડાય એ પહેલાં યુદ્ધના ધોરણે જે કોઈ ફોલ્ટ હોય તેને શોધી મરામત કરવા માંગણી કરતાં ચીફ ઓફિસરે મશીનરી સાથે કર્મચારીઓને કામે લગાડ્યા હતા. આ કામગીરી દરમિયાન જાણવા મળ્યું કે, જ્યાં પીવાની પાણીની લાઇન આવી હતી તેની બાજુમાં જ ગટર લાઇન પણ પાસ થતી હોય, આ ગટર લાઇન તદ્દન ચોકઅપ થઈ જતાં આ રામાયણ સર્જાઈ હતી. મશીનરી કામે લગાડી એક ટેન્કર ભરી ગંદકી દૂર કરવામાં આવતાં અને વ્યવસ્થિત પણે પીવાની પાણીની લાઇન રિપેર કરવામાં આવતાં આખરે શાલીમાર સોસાયટીમાં પીવાના પાણીની સમસ્યા હલ થતાં કંઈક અંશે વિસ્તારની જનતાએ હાશકારો અનુભવ્યો હતો.

માંડવીની પરવટ દૂધમંડળીમાં સભાસદ પર હુમલા મુદ્દે કલેક્ટરને ફરિયાદ

માંડવી: માંડવીની પરવટ દૂધ ઉ.સ.મં. લિ.માં દૂધના ફેટ અને ભાવમાં ચાલતી ગડબડ અંગે ૧૪ સપ્ટેમ્બરે યોજાયેલી સાધારણ સભામાં પ્રશ્ન પૂછતાં સભાસદ પર પ્રમુખ અને તેમના સાથીઓએ હુમલો કરી ધમકી આપી હતી. ભ્રષ્ટાચાર છુપાવવા ગેરકાયદે દસ્તાવેજો ઊભા કરવાનો પણ આરોપ છે. કંડક્ટર તરીકે ફરજ બજાવતા પ્રમુખ વિરુદ્ધ મેડિકલ તપાસ, હોદ્દા પરથી બરતરફી, નવી સભા અને કડક કાયદાકીય કાર્યવાહીની માંગ સાથે સભાસદોએ કલેક્ટર તથા જિલ્લા રજિસ્ટ્રારને લેખિત રજૂઆત કરી છે.

સોનગઢમાં અકસ્માતમાં યુવકનું મોત

સોનગઢ: સોનગઢના ભીમપુરા ત્રણ રસ્તા પાસે અકસ્માતમાં મૂળ બિહારના અને હાલ સોનગઢમાં મજૂરી કરતા ૧૯ વર્ષીય સોનુકુમાર પાસવાનનું મોત નીપજ્યું છે. સોનુકુમારની બાઇક સ્વિફ્ટ કાર પાછળ અથડાતાં તે રોડ પર પટકાયો હતો. દરમિયાન પાછળથી પૂરઝડપે આવેલી ટ્રક નં.(MH-46-F-5575)એ તેમને કચડી નાંખ્યા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી ઉકાઇ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નવી કીકવાડમાં કરંટ લાગતાં ખેડૂતનું મોત

બારડોલી: બારડોલીના નવી કીકવાડ ગામના પટેલ ફળિયામાં રહેતા અતુલભાઈ દયાળભાઈ પટેલ (ઉં.વ.૫૭) મંગળવારે ૨૯મી સપ્ટેમ્બરે બપોરે સવા એકથી બે વાગ્યાના અરસામાં પોતાના શેરડીના ખેતરે ગયા હતા. દરમિયાન ખેતરમાં આવેલી ઇલેક્ટ્રિક મોટરના સર્વિસ વાયરમાંથી અચાનક વીજ કરંટ લાગતાં અતુલભાઈને તેનો ભારે આંચકો લાગ્યો હતો. અકસ્માતે જીવલેણ કરંટ લાગવાના કારણે અતુલભાઈ પટેલનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

સોનગઢ કિલ્લાના જંગલમાં મહિલાનો આપઘાત

સોનગઢ: સોનગઢના કિલ્લા વિસ્તારમાં આવેલા અસેલરાની મહેલ પાસે દેવજીપુરાના 30 વર્ષીય સંગીતાબેન દીપકભાઈ ગામીતે અગમ્ય કારણોસર સીસમના ઝાડ સાથે ઓઢણી વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ દુ:ખદ ઘટના અંગે સોનગઢ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી એ.એસ.આઈ. રૂપસિંગભાઈ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

કામરેજના ચોર્યાસી નજીક પાનના ગલ્લામાં ગાંજો વેચનારો ઝડપાયો

કામરેજ: કામરેજ પોલીસે ચોર્યાસી ગામ પાસે નેશનલ હાઈવે નં.48 પર આવેલી પર્લ હોટલ નજીકના પતરાના ગલ્લામાંથી રૂ.6,900ની કિંમતનો 138 ગ્રામ ગાંજો જપ્ત કર્યો છે. પોલીસે પ્રભુકુમાર ચૌધરી નામના 28 વર્ષીય ઈસમ સામે NDPS હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન

અંકલેશ્વર: ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત અંકલેશ્વર શહેરના ઝૈનબ પાર્ક ખાતે નગરપાલિકાના સહયોગથી સફાઈ અભિયાન યોજાયું હતું. આ અભિયાનમાં ભાજપના આગેવાનો, નગરપાલિકા સભ્યો અને કાર્યકરોએ શ્રમદાન કરી ઝૈનબ પાર્ક તથા આસપાસના વિસ્તારની સફાઈ કરી હતી.

ઘલુડી પોલીસ હેડક્વાર્ટસ ખાતે કાર્યક્રમ

વિશાલ પટેલ

કામરેજ: કામરેજના ઘલુડી ખાતે આવેલા જિલ્લા પોલીસ હેર્ડ ક્વાર્ટસ ખાતે મંગળવારના રોજ સવારે સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાની ઉપસ્થિતિમાં રોડ સેફ્ટીને લઈને હેલ્મેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં 1300થી વધુ પોલીસ કર્મચારીઓને હેલ્મેટ વિતરણ કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વરમાં જાહેરમાં અભદ્ર ટિપ્પણી કરનાર રફીક પટેલની અટકાયત

અંકલેશ્વર: અંકલેશ્વર તલાવીયાવાડ વિસ્તારમાં ગણેશ વિસર્જન યાત્રાની પૂર્વસંધ્યાએ મહિલા અને યુવતી અંગે અભદ્ર ટિપ્પણી તેમજ ગણેશ મંડપમાં ધાર્મિક લાગણી દુભાય તેવી ટિપ્પણી કરવાના મામલામાં પોલીસે રફીક ઉર્ફે શેતાન પટેલને ઝડપી પાડ્યો હતો. તેણે પોતાની ભૂલ સ્વીકારી જાહેરમાં માફી માંગી હતી અને પોલીસે બીફોર આફ્ટરનો વિડીયો જાહેર કર્યો હતો.

મહુવા સુગરમાં સત્તાધારી પેનલનો ફરી દબદબો

સહકારી ક્ષેત્રના દિગ્ગજ માનસિંહભાઈ પટેલ સમર્થિત પેનલનો ભવ્ય વિજય થયો

મેહુલ પટેલ

અનાવલ: મહુવા સુગરની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ભાજપ-ભાજપ વચ્ચે જંગ જામ્યો હતો, જેમાં ૮૭.૧૯% જેટલું જંગી મતદાન નોંધાયા બાદ મંગળવારે સવારે કાછલ કોલેજ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. મતગણતરીના અંતે સહકારી ક્ષેત્રના દિગ્ગજ માનસિંહભાઈ પટેલ સમર્થિત પેનલનો ભવ્ય વિજય થયો હતો. આ સાથે મહુવા સુગરમાં ફરી એકવાર માનસિંહભાઈ પટેલ સમર્થિત ઉમેદવારોનું સત્તા પર પુનરાવર્તન થયું છે.

શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બામણીયાની વ્યવસ્થાપક સમિતિની વર્ષ-૨૦૨૬ની ૧૫ ઝોનની સામાન્ય ચૂંટણી રવિવારે યોજાઈ હતી. મંગળવારે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી, જેમાં પરિણામ આવતાં જ કહીં ખુશી તો કહીં ગમનો માહોલ જોવા મળ્યો હતો. મહુવા બેઠક પર બે ટર્મના ડિરેક્ટર એવા ભાજપના દિગ્ગજ ગણાતા જીગરભાઈ નાયકનો મહુવા સરપંચ અનિલભાઈ પટેલ સામે પરાજય થયો હતો. મહત્તમ આદિવાસી મતદાર ધરાવતી આ બેઠક પરથી પ્રથમવાર આદિવાસી ઉમેદવાર વિજેતા બન્યા છે. તો બીજી બાજુ વર્ષોથી વાલોડ ઝોનમાંથી બિનહરીફ થતા મહુવા સુગરના ઉપપ્રમુખ બળવંતભાઈ પટેલ સામે બે ઉમેદવાર મેદાનમાં આવતા પ્રથમવાર આ ઝોનમાં ચૂંટણી થઈ હતી, જેમાં ભારે રસાકસી બાદ ફક્ત ૨૫ મતથી બળવંતરાય પટેલ વિજેતા થયા હતા. તો બારડોલી ઝોનમાં પણ ભૂતપૂર્વ ડિરેક્ટર જયેન્દ્રસિંહ મેઘાત અને વર્તમાન ડિરેક્ટર નિકુંજકુમાર ઠાકોર વચ્ચે મતગણતરી દરમિયાન ભારે રસાકસી થઈ હતી. અંતે ફક્ત ૧ મતથી નિકુંજકુમાર કલ્યાણસિંહ ઠાકોરનો વિજય થયો હતો. વ્યારા ઝોનમાં નવા ઉમેદવાર અશોકભાઈ ભીખુભાઈ આહિરે છેલ્લી બે ટર્મના ડિરેક્ટર એવા બળવંતભાઈ આહિર અને અન્ય ઉમેદવાર કે જેઓ હાલ સુમુલના ડિરેક્ટર છે એવા શૈલેષભાઈ પટેલને પણ હરાવ્યા હતા.

ઝેરવાવરા ઝોનમાં ભાજપના માજી જિલ્લા પંચાયત સદસ્ય અને માજી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ તેમજ મહુવા સુગરના બે ટર્મના ડિરેક્ટર તુષારભાઈ પટેલનો કોંગ્રેસના ઉમેદવાર મહેશભાઈ પટેલ સામે પરાજય થતાં મોટો અપસેટ સર્જાયો હતો. વલવાડા સીટ પર ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના પુત્ર જયમીનભાઈનો ભવ્ય વિજય થયો હતો. જ્યારે હરીફ ઉમેદવાર રાકેશભાઈ પટેલનો પરાજય થયો હતો. જ્યારે દેદવાસણ બેઠક પર ૯ ઉમેદવાર વચ્ચે ખેલાયેલા ચૂંટણી જંગમા ફક્ત ૫ મતથી અશ્વિનકુમાર મણીભાઈ પટેલ વિજયી થયા હતા.

૧૦૦ ટકા મતદાન ધરાવતી બિન ઉત્પાદક સહકારી મંડળીના પ્રતિનિધિ માટેની બેઠક ૧૪ મતમાંથી ૧૧ મતો મેળવી હિમાંશુભાઈ પટેલે કબજે કરી હતી. આમ મહુવા સુગરમાં સભાસદો દ્વારા કરાયેલું ૮૭.૧૯ ટકા જેટલું રેકોર્ડ મતદાન સત્તાધારી માનસિંહભાઈ પટેલની પેનલની તરફેણમાં કરી ફરી તેમના પર વિશ્વાસ મૂક્યો છે.

કઈ બેઠક પર કોણ વિજેતા

અનાવલ -1
વિજેતા ઉમેદવાર :- વિપુલભાઈ નગીનભાઈ પટેલ
મળેલા મત - 243
જીત માર્જીન - 116 મત

ઝેરવાવરા -3
વિજેતા ઉમેદવાર :- મહેશભાઈ નાથુભાઈ પટેલ
મળેલા મત - 351
જીત માર્જીન - 55 મત

ઉવા -1
વિજેતા ઉમેદવાર :- જીતેન્દ્રસિંહ પ્રભાતસિંહ વાંસિયા
મળેલા મત - 109
જીત માર્જીન - 22 મત

મહુવા - 5
વિજેતા ઉમેદવાર :- અનિલભાઈ ઝીણાભાઈ પટેલ
મળેલા મત - 232
જીત માર્જીન - 57 મત

રાનકૂવા- 6
વિજેતા ઉમેદવાર :- સુનીલકુમાર અમૃતસિંહ પરમાર
મળેલા મત - 129
જીત માર્જીન - 41 મત

» વ્યારા - 7
વિજેતા ઉમેદવાર :- અશોકભાઈ ભીખુભાઈ આહિર
મળેલા મત - 330
જીત માર્જીન - 87 મત

» વાંસકુઈ - 8
વિજેતા ઉમેદવાર :- માનસિંહ કલ્યાણજી પટેલ
મળેલા મત - 398
જીત માર્જીન - 151 મત

» વાંકાનેર - 9 ,મહિલા સભાસદ
વિજેતા ઉમેદવાર :- હેતલબેન તરુણભાઈ પટેલ
મળેલા મત - 135
જીત માર્જીન - 67

» વાલોડ - 10
વિજેતા ઉમેદવાર :- બળવંતરાય રઘુભાઈ પટેલ
મળેલ મત - 236
જીત માર્જીન - 25 મત

» બારડોલી - 11
વિજેતા ઉમેદવાર - નિકુંજકુમાર કલ્યાણસિંહ ઠાકોર
મળેલા મત - 55
જીત માર્જીન - 1મત

» વલવાડા - 12
વિજેતા ઉમેદવાર :- જયમીનભાઈ મોહનભાઈ પટેલ
મળેલા મત - 281
જીત માર્જીન - 136 મત

» દેદવાસણ -13
વિજેતા ઉમેદવાર :- અશ્વિનકુમાર મણીભાઈ પટેલ
મળેલા મત - 109
જીત માર્જીન - 5 મત

» મહુવરિયા -14
વિજેતા ઉમેદવાર :- આનંદકુમાર માધુભાઈ ચૌધરી
મળેલા મત - 138
જીત માર્જીન - 39 મત

» બાજીપુરા -15
વિજેતા ઉમેદવાર :- રાજુભાઈ મનહરભાઈ પટેલ
મળેલા મત - 273
જીત માર્જીન - 148 મત

» બિન ઉત્પાદક સહકારી મંડળી -16
વિજેતા ઉમેદવાર :- હિમાંશુભાઈ વિનોદભાઈ પટેલ
મળેલા મત - 11
જીત માર્જીન - 3

લુહારવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં હિસાબોને લઈ હોબાળો

પ્રમુખ અને મંત્રી સભા અધવચ્ચે છોડી ગયા હોવાની જિલ્લા રજિસ્ટ્રારને ફરિયાદ

હિતેશ પટેલ

માંડવી: માંડવીના લુહારવડ ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વહીવટ અને હિસાબોને લઈને સભાસદોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાર્ષિક સાધારણ સભા (AGM) દરમિયાન સભાસદોના પ્રશ્નોના જવાબ ન આપવા, ઉશ્કેરણીજનક વર્તન કરવા અને સભા અધવચ્ચે છોડીને ચાલ્યા જવા મામલે મંડળીના પ્રમુખ તથા મંત્રી સામે સુરત જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ)ને લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

ગત તા.27 સપ્ટેમ્બરના રોજ લુહારવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભા દરમિયાન જાગૃત સભાસદો દ્વારા મંડળીના વહીવટ, દૂધના ફેટ અને ભાવ તેમજ હિસાબો અંગે પ્રમુખ, મંત્રી અને કમિટી બોડીને શાંતિપૂર્ણ રીતે કાયદેસરના સવાલો પૂછવામાં આવ્યા હતા. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, સત્તાધીશો દ્વારા સવાલોના યોગ્ય જવાબ આપવાના બદલે ઉશ્કેરણીજનક વર્તન કરવામાં આવ્યું હતું અને હિસાબોની અયોગ્ય રજૂઆત કરવામાં આવી હતી. આ મામલે લુહારવડના પશુપાલક અને સભાસદ અંકુશભાઈ હરીશભાઈ ચૌધરી (ઉં.વ.33) તથા સુખદેવભાઈ અશોકભાઈ ચૌધરી (ઉં.વ.૨૮) સહિત અન્ય સભાસદોએ મંડળીના પ્રમુખ વિજયભાઈ સુપડીયાભાઈ ચૌધરી, મંત્રી વિનોદભાઈ મસુભાઈ ચૌધરી તથા તમામ કમિટી સભ્યો વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી છે. ગત તા.21ના રોજ સુરત જિલ્લા સેવા સદન ખાતે કચેરીમાં રજૂ કરાયેલી આ લેખિત ફરિયાદમાં સત્તાધીશો સભા અધવચ્ચે જ છોડીને ભાગી ગયા હોવાનો ગંભીર આરોપ પણ લગાવાયો છે. સહકારી વિભાગ હવે આ સમગ્ર વિવાદમાં શું પગલાં લે છે તે જોવું મહત્ત્વનું બની રહેશે.

પાનોલી જીઆઈડીસીમાં કાર અડફેટે બે પશુનાં મોત

અંકલેશ્વર: અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં રખડતાં પશુઓના કારણે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. પાનોલીની આરએસપીએલ ચોકડી પાસે પૂરઝડપે આવતી એક કાર ગાય અને વાછરડા સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં કારની અડફેટે આવેલા ગાય અને વાછરડાનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

આ અકસ્માતમાં કારચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર કાર પૂરઝડપે આવી રહી હતી અને અચાનક રસ્તા પર આવેલાં પશુઓ સાથે અથડાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં રસ્તા પર રખડતાં પશુઓના કારણે અગાઉ પણ અકસ્માતની ઘટનાઓ સામે આવી છે. તંત્ર દ્વારા જરૂરી પગલાં ભરવામાં આવે તેવી માંગ સ્થાનિકો દ્વારા ઊઠી છે.

બારડોલીના ખેડૂતોની મોટરો ચોરાઈ

બારડોલી: બારડોલીમાં તસ્કરો બેફામ બનતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સરભોણ અને તાજપોર બુજરંગમાં બે ખેડૂતની ૨૦-૨૦ હજાર રૂ.ની ૭.૫ એચ.પી.ની બે સબમર્સિબલ મોટરો તથા અન્ય એક ખેડૂતના ખેતરમાંથી કોપરના વાયર મળી કુલ ૪૦,૭૫૦ રૂપિયાની મતાની ચોરી થઈ છે. તાજપોર બુજરંગના રગડ ખાડી પુલ પાસેના ખેતરમાંથી નિલેશકુમાર મિસ્ત્રીની સબમર્સિબલ મોટર અને મયૂરકુમાર પટેલનો કોપર વાયર ચોરાયો હતો. આ ઉપરાંત પથરાડીયા રોડ પર ચેતનભાઈ આહીરના ખેતરમાંથી પણ મોટર ચોરાઈ હતી. ઘટના અંગે બારડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

બારડોલીના બાલાજી પ્લાઝામાં વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી

બારડોલી: બારડોલીમાં એક વેપારીની દુકાનમાં ઘૂસીને અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

બારડોલીના ધામડોદ રોડ પર આવેલા બાલાજી પ્લાઝાની દુકાન નં.25માં એક્વા હેવન નામની દુકાન ચલાવતા ૩૧ વર્ષીય જયકુમાર રોહિતભાઈ ભંડારીએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ઘટના ગત તા.૨૯ સપ્ટેમ્બરે સાંજે આશરે ચાર વાગ્યાની આસપાસ બની હતી. બારડોલીમાં સાદા સેલુન ચલાવતા આરોપી તૌસીબ શેખે અગાઉની તકરારની અદાવત રાખી જયકુમાર ભંડારીની દુકાનમાં પ્રવેશ કર્યો હતો. આરોપીએ ફરિયાદીને દુકાન ખાલી કરવાની ચીમકી આપી હતી અને તેમના પિતરાઈ ભાઈ ઈન્દ્રજીત ઉર્ફે બિંકેશને જ્યાં મળશે ત્યાં જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઉપરાંત આરોપીએ ગાળાગાળી કરી અશ્લીલ શબ્દોનો પ્રયોગ પણ કર્યો હતો. આ મામલે ગામના આગેવાનો સાથે ચર્ચા કર્યા બાદ તા.૨૮ સપ્ટેમ્બરે બારડોલી પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આરોપી તૌસીબ શેખ સામે ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ બારડોલી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ધીરેન્દ્રકુમાર કિશોરભાઈ ચૌધરી દ્વારા હાથ ધરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

સાબરગામ કોલેજની આંતર કોલેજ ભાઈઓની સ્પર્ધામાં સિદ્ધિ

દિપકસિંહ મહીડા

અંત્રોલી: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત સંચાલિત આંતર કોલેજ ભાઈઓની સ્પર્ધા તા.28 સપ્ટેમ્બરે પ્રો. વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમરોલી ખાતે યોજાઇ હતી. આ સ્પર્ધામાં સાબરગામ કોલેજ ૨૦ પોઇન્ટ સાથે ચેમ્પિયન થઈ હતી, જેમાં ૭૫ kgમાં યશ પટેલના ગોલ્ડ મેડલ, ૮૫ kgમાં વિપિન રાજનો મેડલ, ૯૫ kgમાં સાહિલ પરમારનો ગોલ્ડ મેડલ અને ૧૧૦ kgમાં અંકુર તિવારીની ગોલ્ડ મેડલ આવ્યો હતો. આ ટીમને કોચિંગ સારથી ભંડારીએ આપ્યું હતું. ખેલાડીઓની આ સિદ્ધિ બદલ કોલેજના ટ્રસ્ટી ગણના સભ્યો, આચાર્ય ડો.ફાલ્ગુનીબેન ઠક્કર, જીમખાના અધ્યક્ષ ડો.મેહુલ ગાંધી તથા સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

બારડોલીની ઉર્વશી ગામીતે ભાલાફેંકમાં સુવર્ણ ચંદ્રક જિત્યો

બારડોલી: બારડોલીની પી.આર. બી. આટ્ર્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજની વિદ્યાર્થિની ઉર્વશી અનીલભાઇ ગામીતે ગોવામાં યોજાયેલી ૩૭મી વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભાલાફેંક સ્પર્ધામાં ૨૮.૯૯ મીટરનો થ્રો કરી ગોલ્ડ મેડલ જિત્યો છે. ગોધરા ખાતે રાજ્ય કક્ષાએ પ્રથમ આવ્યા બાદ રાષ્ટ્રીય સ્તરે આ ઝળહળતી સિદ્ધિ મેળવી તેણે પોતાના ગામ કિકાકુઇ, બારડોલી અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડો.ભાવિન પુરોહિત, જીમખાના સમિતિના અધ્યક્ષ પ્રા. ચિરાગભાઈ પી. દેસાઈ સહિત જીમખાના સમિતિના તમામ સભ્યો અને સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

વલવાડાની ધનગૌરી સાર્વજનિક વિદ્યાલય ખાતે ખેલ મહાકુંભ યોજાયો

ભોરિયા: વલવાડાની ધનગૌરી સાર્વજનિક વિદ્યાલય ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની ખો-ખો સ્પર્ધા યોજાઈ હતી, જેમાં 33 ટીમે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં U-14 ભાઈઓમાં પ્રાથમિક શાળા ઉમરા, U-17માં કે.એલ.પટેલ હાઇસ્કૂલ-અનાવલ અને ઓપન કેટેગરીમાં ધનગૌરી વિદ્યાલય-વલવાડા પ્રથમ ક્રમે રહ્યા હતા. જ્યારે બહેનોમાં U-14માં ઊંચી ફળિયા શાળા (મહુવરીયા), U-17માં સનાતન કન્યા વિદ્યાલય (આંગલધરા) અને ઓપન કેટેગરીમાં કરચેલિયા હાઇસ્કૂલની ટીમ વિજેતા બની હતી. સંસ્થાના પ્રમુખ સતીષભાઈ પટેલ, ઉપપ્રમુખ, ખજાનચી શાળાના આચાર્ય નિલેશ પ્રજાપતિ, તાલુકાના વ્યાયામ શિક્ષકો શાળાના શિક્ષકો તથા મોટી સંખ્યામાં ખેલાડીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

બારડોલીમાં સહકારી મંડળીઓના મેનેજરોની બેઠક યોજાઈ

બારડોલી: બારડોલી ખાતે મંગળવારે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ફ્રૂટ એન્ડ વેજિટેબલ માર્કેટિંગ ફેડરેશન (FV) અને આણંદની અમૂલ ડેરીના સંયુક્ત ઉપક્રમે દક્ષિણ ગુજરાતની વિવિધ સહકારી મંડળીઓના મેનેજરોની બેઠક મળી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ ખેતીમાં જૈવિક ખાતરોના ઉપયોગ અને અમૂલની ઓર્ગેનિક પ્રોડક્ટ્સ અંગે માર્ગદર્શન પૂરો પાડવાનો હતો. આ કાર્યક્રમમાં F&Vના ચેરમેન રાજેશભાઈ પટેલ, F&Vના વાઈસ ચેરમેન અને ગણદેવી સુગરના ચેરમેન અમિતભાઈ પટેલ તથા અમૂલ ડેરી આણંદના મેનેજર ડો.ગોપાલ શુક્લા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સહકારી મંડળીઓના ૮૦થી ૧૦૦ જેટલા મેનેજરોએ પણ ઉત્સાહભેર હાજરી આપી હતી. આ જ મંચ પરથી અમૂલની નવી પ્રોડક્ટ્સ ‘અમૂલ બેક્ટો બૂસ્ટ’ અને ‘અમૂલ ક્રોપ વેદા’નું લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત મેનેજરો તરફથી ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

ઉમરાખની SNLPCP ખાતે કાર્યક્રમ

બારડોલી: વિદ્યાભારતી ટ્રસ્ટ ઉમરાખ સંચાલિત નારણજીભાઈ લાલભાઈ પટેલ કોલેજ ઓફ ફાર્મસી ખાતે વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષની ઉજવણીનો મુખ્ય વિષય “સ્વસ્થ ભારત: COMBATING ANTIMICROBIAL RESISTANCE” રાખવામાં આવ્યો હતો. ફાર્માસિસ્ટની આરોગ્યસેવામાં રહેલી મહત્ત્વપૂર્ણ ભૂમિકા, એન્ટિમાઇક્રોબિયલ રેઝિસ્ટન્સ અંગે જાગૃતિ તથા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને વ્યાવસાયિક કૌશલ્યોને પ્રોત્સાહન આપવાના હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

દક્ષિણ ગુજરાતના ચૌધરી સમાજમાં હરાદ પર્વે ‘નવાયે’ ચિત્રો દોરવાની પરંપરા

વિનોદ મૈસુરીયા

વાંકલ: દક્ષિણ ગુજરાતના આદિવાસી ચૌધરી સ માજમાં શ્રાદ્ધ (હરાદ)ના તહેવારનું એક અનોખું અને સાંસ્કૃતિક મહત્ત્વ જોવા મળે છે. હરાદના પર્વ નિમિત્તે ચૌધરી સમુદાય દ્વારા પોતાનાં ઘરોની સજાવટ કરવાની તથા ભીંતો પર પરંપરાગત ‘નવાયે’ (નવા) ચિત્રો આલેખવાની પ્રાચીન પરંપરા માંગરોળ તાલુકાનાં વિવિધ ગામો જેવા કે બોરિયા, લવેટ, ભડકૂવા, રતોલા, રટોટી, લીંડીયા, પાતલદેવી, કંટવાવ વગેરે આજે પણ જીવંત છે.

જાહેર ચેતવણી

હમો નીચે સહી કરનાર પાર્વતીબેન ઉત્તમભાઈ પટેલ, રહે. : ગોથાણ ફળીયા, ઝેરવાવર, તા. મહુવા, જી. સુરતના આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, બાજુમાં બતાવેલ ફોટાવાળી વ્યકિત મારી સગી પુત્રી નામે મનસ્વી કલ્પેશભાઈ સવાણી તે મયુરભાઈ નાયકાની પત્ની જે હમારા તથા હમારા પરિવારના કહ્યામાં નથી, અને હમોને તથા હમારા પરિવારને જાણ કર્યા વગર હમારા ઘરનો ત્યાગ કરેલ છે. જેથી હમોએ તેની સાથે અમારા તમામ આર્થિક, સામાજીક કે પારીવારીક સંબંધોનો અંત આણેલ છે, અને તેની સાથે અમારો કે હમારા પરિવારનો કોઈ સંબંધ રહયો નથી તેમજ અમોએ મનસ્વી કલ્પેશભાઈ સવાણી તે મયુરભાઈ નાયકાની પત્ની તથા તેના પરિવારને અમારી સ્થાવર-જંગમ માલ-મિલકતોમાંથી કાયમી બરતરફ કરેલ છે અને મનસ્વી કલ્પેશભાઈ સવાણી તે મયુરભાઈ નાયકાની પત્ની નો હમારી સ્થાવર તેમજ જંગમ માલ-મિલકતોમાંથી કોઈ હકક, હીત, હીસ્સો રહયો નથી અને રહેશે નહી. જેથી કોઈપણ ઈસમે તેમની સાથે કોઈપણ જાતનો નાણાંકીય, આર્થિક, સામાજીક વ્યવહાર કે અન્ય કોઈ વ્યવહાર કરવા કરાવવા નહીં કે હમારી સંયુકત/સ્વતંત્ર માલીકીની જમીન, મીલકતો બાબતે તેઓ સાથે કોઈ લખાણો, કરારો, દસ્તાવેજો વિગેરે કરવા કરાવવા નહીં અને જો કરશો-કરાવશો તો તે હમોને કે હમારા પરિવારને બંધનકર્તા રહેશે નહીં. તેમજ તેમાં હમારી કે હમારા પરિવારની કોઈ જાતની જવાબદારી રહેશે નહીં જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

સહી/- પાર્વતીબેન ઉત્તમભાઈ પટેલ

KUNJAL N. GANDHI (ADVOCATE)
B/109, Tirupati Plaza, Nanpura, Athwa Gate, Surat. Mo.9825148666

Milano MULTIPLEX
બારડોલી
The Vvaan
10:00am, 01:00pm, 4:00pm, 7:00pm, 10:00pm,
Avengers : engame encore
11:00am, 5:45pm,
The paradise
2:30pm, 6:00pm, 9:30pm,
Mitrata - Gujarati : 12:00pm
Hanuman Ansh : 3:00pm, 9:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333